જરથોશતી ધર્મ બોધ.

પાઠમાળા.

બીજી ચોપડી. ૯૮[redacted]

જરથોશતી ધર્મ બોધ તથા શરૂઆતના બોરદે

અવસ્તા—અવસ્તા હુરૂફે.

બનાવનાર

કુરસેદજી મીનોચેહેરજી દસ્તુર જામાસ્પ

આશાજીના બી. એ.

તે મરહુમ નામદાર સર જમશેદજી જીજીભાઇ

જરથોશતી મદરેસાના માજી ફેલો તથા એજ

મદરેસાના માજી હેડ શીક્ષક.

અવસ્તા.

[illegible]

[illegible]

(યં૦ ૫, ૨૧.) [illegible]

અર્થ.

પાક ખોદાવાલાએ અશો જરથોશતને કહ્યું છે કે :—હમેશાં માણસને માટે સર્વોત્તમ ચીજ પાકી છે. અને માજદીઅસ્નની દીન એજ એકલી પાકી છે.

મુંબઈ, ફોર્ટ પ્રીંટીંગ પ્રેસ

પારસી બજાર સ્ટ્રીટ, નં૦ ૧ લો, માપલા બીલડીંગ.

સને ૧૨૫૨ યજદજરદી—સને ૧૮૮૩ ઈસવી.

કીંમત છ આના.

જરથોશતી ધર્મ બોધ.

પાઠમાળા.

બીજી ચોપડી.

જરથોસ્તી ધર્મ બોધ તથા શુરૂઆતના બોરદે
અવસ્તા—અવસ્તા હુરૂફે.

બનાવનાર
કેશ્રંમજી મીનોચેહેરજી દસ્તુર જામાસ્પ
આશાજીના બી. એ.
તે મરહુમ નામદાર સર જમશેદજી જીજીભાઇ
જરથોશતી મદરેસાના માજી ફેલો તથા એજ
મદરેસાના માજી હેડ શીક્ષક.

અવસ્તા.

[illegible]
[illegible]
(વં૦ ૫, ૨૧.) [illegible]

અર્થ

પાક ખોદાતાલાએ અશો જરથોશતને કહ્યું છે કે:—હમેશાં માણસને માટે સૌત્તમ ચીજ પાકી છે. અને માજદીઅરની દીન એજ એકલી પાકી છે.

મુંબઈ, ફ્રેર્ટ પ્રીંટીંગ પ્રેસ
પારસી બજાર સ્ત્રીટ, ન૦ ૧ લો, માપલા બીલડીંગ.
સને ૧૨૫૨ યજદજરદી—સને ૧૮૮૩ ઈસવી.

કીંમત છ આના.

ધી આનરેબલ સર જમશેદજી જીજીભાઈ બારોનેટ.
શેઠ હીરજીભાઈ હોરમજજી શેઠના.
શેઠ ખુરશેદજી ફરદુનજી પારખ.
શેઠ દીનશાજી માણેકજી પીટીટ.
શેઠ કુરાંમજી નોશેરવાનજી પટેલ.

નામદાર સર જમશેદજી જીજીભાઇ ટ્રાંન્સલેશન
ફંડના ટ્રસ્ટી સાહેબો જોગ—

નામવર સાહેબો,

આપણા પવિત્ર ધર્મની કીર્તિ વધારવાનાં કામમાં દર વખતે તમો નેકનામો કોશેશ કરો છો તથા તે સાથે, જેઓ એવી કોશેશ કરે છે તેઓને ઘટતું ઉત્તેજન આપોછો તેનાં માનની જુજ ઇધાણી દાખલ આ નાની ચોપડી તેના મરહુમ ગ્રંથ કર્ત્તાની વતી તેમનું કુટુંબ તમો નામવર સાહેબોને નજર કરવાની પરવાનગી લેછે.

બ નામે ઇજદ.

દીબાચો.

જરથોસ્તી બાલકોને તેઓના પવીત્ર ધર્મનો બોધ આપવાને "જરથોશતી ધર્મ બોધ" નામની પાઠમાલાની એક એકથી અનુક્રમે ચઢતી ચાર ચોપડીઓ છપાવવાની ધારણા મરહુમ એરવદ ફરાંમજી મીનોચેહરજી દસ્તુર જામાસ્પ આશાજીનાએ રાખી હતી, પણ અકાળ મોતના જાલેમ જમે એ વીદ્વાન પર અચઅચુક તરાપ મારી તેમની એ નાદર ધારણાને સંપુર્ણ રીતે અમલમાં આવવા દીધી નહીં.

જંદ શીક્ષક તથા જરથોશતી ધર્મ બોધ પાઠમાલાનો પેહેલો અંક નામદાર સર જમશેદજી જીજીભાઇ ટ્રાન્સલેશન ફંડના ટ્રસ્ટી સાહેબોના આશરા હેઠળ એ મરહુમ ગ્રંથ કર્ત્તાની હયાતીમાં પ્રગટ થયો હતો; અને એ વીદ્વાનના ગુજરવા બાદ બીજાં "એ હસ્ત લેખ પુસ્તકો થોડીક અધુરી હાલતમાં પડી રેહે" એવી ધાસ્તી એજ ગ્રંથ કર્ત્તાના "ખોરદેહ અવસ્તા"નાં પુસ્તકના દીબાચામાં બતાવવામાં આવી હતી, પણ મજકુર અકાબર ટ્રસ્ટી સાહેબોની સાહેતા હેઠળ એ બેમાંનાં એક હસ્ત લેખ પુસ્તકે જન્મ લીધો છે, તેથી તે ધાસ્તી કેટલેક દરજજે દુર થઇ છે.

પાઠમાલાનો આ બીજો અંક કેટલો ઉપયોગી છે તે તેમાં સમાવેલી બાબતો ઉપરથી માલુમ પડશે. સહવારની

ફરજીઆત અદા કરવાના અવસ્તાના કલામો ખુદ અ-વસ્તા હરફે દાખેલ કીધા છે, તથા કેટલીક નાની બંદ-ગીઓના ગુજરાતીમાં સહમજ પડે એવા શરેહ સાથના અર્થનો અને તે સાથે ધર્મ નીતિની કેટલીક અગત્યની બા-બતોનો એમાં સમાવેશ કીધો છે, તેથી એ નાનું પુસ્તક નિશાળોમાં શીખતાં બાલકો માટે તેમજ ખાનગી વપરાશ માટે અતી ઉપયોગી થઇ પડશે એવી આશા રાખવામાં આવે છે.

આ દીબાચો સમાપ્ત કરતાં ફરજને આધીન થઇ અતરે જણાવવાનું જરૂરનું દીસે છે કે જો મરહુમ કાબેલ ગ્રંથ કર્ત્તા આ પુસ્તકને પોતે જાહેરમાં મુકવાને જીવ્યા હોત તો પોતાનાં મરણની વખતે અધુરી હાલતમાં રહી ગયલાં પુસ્ત-કને ઘણેક દરજજે સુધારી પોતાના વિચારો અને તેજ પ્રમાણે અવસ્તાના કેટલાક શબ્દોનાં અર્થોમાં ઘટતો ફેરફાર કરી વધારે સારા રૂપમાં તેને પ્રસીદ્ધ કરતે; માટે જો કાંઇ ભુલચુક વાંચનારને માલુમ પડે તો તે ગ્રંથ કર્ત્તાની કાબે-લીઅત પર સખુન નહી લેઇ જતાં તેમનાં અકાળ મર-ણનો વાંક કાઢી તે ઉપર દરગુજરની નજરથી જોવું.

તારીખ ૧ લી મારચ સને ૧૮૮૩.

ફરજ.

નામદાર સર જમશેદજી જીજીભાઈ ટરાન્સલેશન ફંડના અકાબર ટ્રસ્ટી સાહેબોના ખાસ આશરા હેઠલ, આ ચોપડી જરથોશતી બાલકોની નિશાળોને સારૂં છપાવી પ્રગટ કીધી છે.

બીજી ચોપડીનું સાંકળીઊં.

બાબદ. | સફે.

ગુજરાતી.

અવસ્તા.

જરથોશતી ધર્મ બોધ.

પાઠમાળા.

બીજી ચોપડી.

પાઠ પેહેલો.

આગલી માજદયસ્નની દીન તથા તેની ઉપર અશો જરથોશ્તે કીધેલો સુધારો.

ભાગ ૧ લો.

અશો જરથોશ્તે આપણો ધર્મ આ દુનીઆમાં જાહેર કીધો તેની હજારો વર્ષ અગાઉ આપણા અસલ વતન ઇરાનમાં માજદયસ્ની ધર્મ ચાલુ હતો. અશો જરથોશ્તના જમાનાની અગાઉના લોકો વગર ધર્મે રેહેલા નહીં હતા, એટલુંજ નહીં પણ તેઓનો ધર્મ પણ આપણા જરથોશ્તી ધર્મની માફક એકલા એક ખોદાને માનવાનો હતો. જરથોશ્તની આગમજ જુદા જુદા પરહેજગાર હાકેમોએ બદકાર માણસોની સામે લડીને તે ધર્મને જાળવી રાખ્યો હતો. તેઓને તેઓની પરહેજગારી

તથા મનનાં બળના પ્રમાણમાં ખોદાની તરફથી જે કુદ-રતની આગાહીઓ મળતી હતી તે માફક ચાલીને તેઓ પોતાનું તથા પોતાના દેશનું કલ્યાણ કરતા હતા. ખોદા-પરસ્તી ધર્મની જે મુખ્ય નેમ કે બુતપરસ્તી, જુઠાઇ, ઠગા-ઈ, નાપાકી, ઇત્યાદીને તોડવી અને તેનો નાશ કરવો, તે નેમ તેઓ પોતાની હકુમતના બળથી કેટલેક દરજજે પાર પાડતા હતા. તે સઘળા પરહેજગાર હાકેમોમાં પેહલો ગ-યોમર્દ હતો. તેણે ઇરાનની હકુમત પેહલી સ્થાપી હતી. પેહલાં તેણે ખોદાપરસ્તી ધર્મ શીખોને દુનિઆના લોકો-માં જાહેર કીધો હતો. તેની પછી તેની ઓલાદના ઘણા-એક નામીચા પાદશાહો જેવા કે હોશંગ, તેહમુરસ જમ-શેદ, ફરેદુન, મીનોચેહર, કેકાઉશ, કેખુસરો ઇત્યાદિ એઓ-એ પોતાના બળ પ્રમાણે માજદયસ્નની ધર્મનો દુનિઆમાં ફેલાવો કીધો હતો.

પાઠ બીજો.

આગલી માજદયસ્નની દીન તથા તેની ઉપર અશો જરથોશ્તે કીધેલો સુધારો.

ભાગ ૨ જો.

એવી રીતે જુદા જુદા ભલા હાકેમો પેગામબરી દ-રજજો ધરાવી ગયા છે અને તેઓને આપણા પવિત્ર ધ-ર્મમાં 'સઓશ્યન્ત' એટલે માણુસનાં મનમાંથી અજ્ઞાન-પણાનું અંધારૂં કાઢી નાંખી દુનિઆમાં ધર્મનું અજવા-લું પાંડરીને ફાયદો પોંચાડનાર એવાં માન ભરેલાં નામથી

જણાવ્યા છે. પણ તેઓ જે માજદયસ્નની ધર્મ લોકોને શીખવતા હતા તે સંપૂર્ણ હાલતમાં નહતો તેથી તેમાં દર વખતે વધારો કરવાની જરૂર પડતી હતી, માટે કોઇ એવા મહા પુરૂષની ઘણી ખોટ હતી કે જે પોતાની મનશક્તિ અને પરહેજગારીના પૂરાં બળથી ઉપલા સઘલા પેગામબરો કરતાં વધારે મજબુત રીતે લોકોના મન ઉપર ખોદાઇ ફરમાનોની અસર કરે અને તે ફરમાનોની ખુબી એવી અકલપસંદ રીતે માણસને સમજાવે કે તેની અસર તેઓના મનમાંથી કદી નીકલી જાય નહીં. એ ખોટ પુરી પાડવાને માટે અશો જરથોશ્તને આ દુનિઆમાં મોકલવાનું ખોદાએ ઠરાવી રાખ્યું હતું તે મુજબ તેણે તેને મોકલ્યો. અશો જરથોશ્તે આગલી માજદયસ્નની દીન કે જે 'પોરીઓ દકેશી' દીનને નામે ઓળખાય છે. તે શીખીને તેને ઘણાં માન સાથે કબુલ રાખી; એ દીન તેણે કબુલ રાખ્યા પછી પોતાના અતિશે રોશન અને ભલાં મનની (બેહેમનની) ખુબીથી તેના દીલમાં ખોદાની તરફની આગાહી (સરોષ) થતી હતી જેથી ખોદાઇ ફરનાંનો ઉપર તેને મજબૂત ઇમાન આવતું હતું. ત્યાર પછી એ બેહેમન અને સરોષની મારફતે તેણે તે પોરીઓ દકેશી દીનમાં એવો સુધારો તથા વધારો કીધો કે તેથી તે ખોદાઇ ફરમાનોની ખુબી આજ લગણ જેમ જેમ જમાનાના ગુજરવા સાથે સુધારો વધતો ગયો છે તેમ તેમ વધારે ને વધારે માલમ પડી આવી છે. વખત દરેક ચીજનો નાશ કરે છે, પણ સચાઇની ઉપર વખતની નાશ કરનારી અસર ચાલી શકતી

નથી. સચાઇ હમેશાં કાયમ રહે છે તેથી અશો જરથોશ્તે જે સાચો ધર્મ દુનિઆમાં ફેલાવ્યો છે તે ઘણાએક નાશકારક હાદેશાઓ ખમવા છતાં આજ સુધી માન સાથ ટકી રહ્યો છે. એ ધર્મનું દરેક ફરમાન એવું છે કે જેની સચાઇને તોડવાની આજલગી કોઇએ હિમત કીધી નથી અને હવે પછી કોઇ કરી શકશે નહી.

પાઠ ત્રીજો.

જરથોશ્તી માજદયશ્નની ધર્મની ખુબી.

હજારો વર્ષનો સર્વથી પુરાતન ધર્મ, જેમાં સર્વોત્તમ ફરમાન, હુમત, હુખ્ત, હવર્શ્ત છે; જે ફરમાનોમાં સૃષ્ટિની સર્વ નીતિનો મર્મ સમાયલો છે; જે ધર્મનો હરીફ એકે નથી, જેની સાથ મુકાબલામાં સર્વ બીજા ધર્મ પાછળ પડે છે તે ધર્મ જરથોશ્તી માજદયશ્નની છે. એ ધર્મનો સમજાવનાર ફરેશ્તાઇ ખસલતનો પુરૂષ અશો જરથોશ્ત, કેટલાક હજાર વર્ષ ઉપર થઇ ગયો છે. ભલાં અને ભૂડાં કામોનો બદલો પેલી જેહાનમાં મળશે એવો વિચાર સઉથી પેહેલાં એ અશો પેગામબરે આપ્યો હતો. એવું કેહેવામાં આવે છે કે જો અશો જરથોશ્ત જેવો પેગામબર થયો ન હોત તો નેકીનો બદલો જે બેહશ્ત છે અને બદીનો બદલો જે દોજખ છે તેનો વિચાર ઇનસાન જાતમાં કદીપણ આવત નહીં. અશો જરથોશ્ત કહેછે કે નેકી અમુલ્ય રત્ન છે. અને જે પુરૂષ અથવા સ્ત્રી નેકીની સરદાર છે, તેને બહૂં સુખ મલે છે, પણ અગરજો

આ પળભરની દુનિઆમાં ખરૂં સુખ મળે નહીં તો આ-પણા મરણ બાદ આપણને ખરા સુખનો વારસો મળવા-નો જરથોશ્તી ધર્મમાં કોલ મળેલો છે, તેટલા માટે આ દુર્ગુણી દુનિયામાં જુલમથી ડરવું નહીં તથા બહેશ્તની કાંઇ ખોટી લાલચથી લોભાવું નહીં પણ માજદયસ્ની ધ-ર્મની ખુબો સમજીને અશો જરથોશ્તનાં ફરમાન પ્રમાણે ચાલવું અને આપણા મરણ પછીના મકાનમાં હમેશનું સુખ મેળવવાનો માર્ગ અખત્યાર કરવો. એ સર્વ માજદ-યસ્નાનોની ફરજ છે.

પાઠ ચોથો.

મા બાપની સેવા.

ભાગ. ૧ લો

તમારાં માબાપે તમને ઉછેરીને મોટાં કરવામાં શી શી મુશ્કેલીઓ ખમી છે, અને તેઓએ કેવી કેવી જેહેમત ખેંચીને તમારી સંભાળ રાખી છે તેનું તમો બાળકોને કાંઇ ભાન પણ ન હશે. તમારાં માબાપે પોતાની જીંદગીની ખુશી અથવા દલગીરીનો સઘલો મદાર તમારાં સુખ અ-થવા દુઃખ ઉપર રાખ્યો હતો. તેઓ તમારાં સુખે સુખી અને તમારાં દુઃખે દુઃખી હતાં. જો તમને લગારે ઈજા થતી તો તેઓ તમારી પછવાડે વિહલાં પડતાં, અને જા-ણે તેઓની ઉપર શું એક મોટી આફત ગુજરતી હોય એવાં ઉદાસ રહેતાં. તેમને તમારી ચિંતામાં ખાવાનું ભા-વે નહીં, અને આંખમાં ઉંઘ આવે નહીં. તેઓ પોતાનું

ગમે એટલું અગત્યનું કામ હોય તો તમારે ખાતર પડતું મેલે; અને તમારો જરાએ રોવાનો સાદ આવે તો તમને કેડે લેઇને તરેહવાર લાડ લડાવે. જો તમે તેઓની નજર આગલથી જરા વેગળાં જાઓ તો તેઓનું મન તમારી ઉપર લાગી રહે અને કાંઇ સૂઝ પડે નહીં. તમે જરા પડો કે ખડો તો તેઓ પોતાના દીલમાં બલ્યા કરે. એવી રીતે રાત ને દીવસ તેઓનાં મનમાં તમારે વિષે કાલજી રહે. તમારા માબાપ જો તમારી એવી સંભાલ લેતે નહીં તો તમારૂં શું થયું હતે તેનો વિચાર કરો. તેઓની સંભાલ હતી તોજ તમે જીવવા પામ્યાં છો. માટે તમારી તો એજ ફરજ છે કે, ઉઠતાં ને બેશતાં તમારાં માબાપનો પાડ માનવો, તેઓના હુકમને તાબે થઇને ચાલવું, અને તેઓને તમારા જીવ કરતાં વધારે વહાલાં ગણવાં. માબાપ તમારી સંભાલ લે છે તેમાં તેઓને એવી ઉમેદ હોય છે કે તમે હમેશાં તેઓનાં તાબામાં રહો અને મોટાં થઇ રૂડી ચાલ ચાલી તેઓનાં વિષે ભલું કહેવડાવો તથા તેઓની પૂઠે તેઓનું નામ આ દુનિઆમાં માન સાથે જીવતું રાખો. અને એટલાજ માટે દર વેલાએ ખોદાની બંદગી કરીને તેઓ એવી દુઆ માગે છે કે હમારાં ફરજંદો જાતીઅકલવાલાં થાય, પોતાની ફરજ સમજે, અને મંડલીમાં માન પામેલાં બની હમારૂં નામ અમર રાખે; તથા હમારી જીંદગી સુધી હમારૂં સંકટ દુર કરનારાં થાય. અને હમારા ઘર, ખાનદાન, શેહર, અને દેશને આબાદ રાખે. માબાપની નેક દુઆ તથા બદ દુઆ ફલ્યા વગર રહેતી નથી. જેઓ

પોતાનાં માબાપને રાજી રાખે છે, અને માન આપીને ચાલે છે, તેઓ પોતાની જીંદગીમાં ખચીત ઘણું સુખ પામે છે; એટલુંજ નહીં, પણ તેઓનાં ફરજંદો તેઓ સાથે ભલાઇથીજ ચાલે છે. પણ જેઓ પોતાનાં માબાપને પજવે છે, અને તેઓનો અનાદર કરે છે, તેઓ હંમેશાં હલાક થાય છે. વલી તેવાં બેવફા ફરજંદોને દુનિઆમાં માન મલતું નથી. તેઓને સૌ હલકાં ગણે છે, અને તેઓનાં ફરજંદો તેમને પીડે છે; પણ એટલાંમાં તેમની હલકાઇનો છેડો આવતો નથી. એવાં પાપી ફરજંદને મુઆ પછી ખોદા સુખ આપતો નથી. જે પોતાનાં માબાપની સાથે તોછડાઇ કરે તેની કમબખ્તી જાગે છે, અને તે સદાકાલની પીડાનો ભોગ થઇ પડે છે. પાક અહુરમજદે અશો જરથોશતને કહયું છે કે, માબાપને અને ઉસ્તાદને દલગીર કરવા અથવા પજવવા સરખો જબુન ગુનાહ બીજો કોઇ નથી. માટે જે કોઇ એમ કરેછે તેને હું દોજખમાંથી કદી છુટકારો આપતો નથી.

પાઠ પાંચમો.

મા બાપની સેવા.

ભાગ ૨ જો.

આપણા નેકનામી ભરેલા અસલ ઇરાનમાં વસનારા વડવાઓ પોતાના માબાપ તરફ કેવી અદબ રાખતા હતા તેનો એક ઘણોજ ચાનક ભરેલો એહવાલ આપણા શાહનામાં એટલે જરથોશ્તી પાદશાહોની તવારીખમાંથી મળી

આવે છે. આપણા દીનદાર જરથોસ્તી પાદશાહો જેઓ બેહેસ્ત સરખાં આબાદ અને રલિઆમણાં ઇરાનદેશ ઉપર હકુમત ચલાવીને, આખી દુનિઆમાં પોતાની કીર્તિ અને નેકનામી પમરતી મૂકી ગયા છે, તેઓનાં નામ એ શાહનામાંના બનાવનાર બેહેસ્તી ફીરદોસીએ અમર કીધાં છે. ફીરદોસી કરતાં વધારે ભરોસો રાખવા જોગ અસલી તવારીખ લખનાર અથવા વધારે બુદ્ધિવાન કવિ કોઇ થઇ ગયો નથી. તેનું બનાવેલું શાહનામું ઘણીજ રસ ભરેલી અસલ ફારસી ભાષામાં કવીતા રૂપે લખાએલું છે; અને તે ગંજાવર પુસ્તકમાં એક લાખ વીસ હજાર બેત રચેલાં છે. એ શાહનામાંમાં ફીરદોસી લખી જાય છે કે આગલા ઇરાની જરથોસ્તીઓ પોતાના માબાપની અદબ રાખવાને માટે દુનિઆમાં ઘણા પખ્યાત થઇ ગયા છે. ગરીબમાં ગરીબ માણસથી તે પાદશાહ સુધી સૌ લોક પોતાના ફરજંદને અદબ રાખવાનું શીખવતા હતા. પાદશાહનાં ફરજંદો ગમે એટલા લાડમાં ઉછરતાં તોપણ તેઓને પોતાના માબાપની નજદીક હમેશાં ખડે પગે ઉભું રહેવું પડતું હતું. બેહરામગોર વિષે કહે છે કે એક દહાડો રાતે તે પોતાના બાપ યજદજરદ પાદશાહની દરબારમાં અદબથી ખડે પગે ઉભો રહેતાં એટલોતો થાકો ગયો હતો કે તેને ઉંઘના ઝોકા આવવા લાગ્યા. એ જોઇને પાદશાહને ઘણી રીશ ચહડી અને તેણે એક દમ તેને કેદ કરાવ્યો. એવી રીત માબાપની તરફ અદબ રાખવા ઉપર આપણા ખુબીવંતા નિઆગાંનો ઘણું ધ્યાન રાખતા હતા, અને જે બેઅદબી કરે તેને માટે મોટી શિક્ષા કરતા હતા. માટે રે જરથોસ્તી

બાળકો એ ઉપરથી તમો બોધ લેઓ અને માબાપની સેવા ખંતીપણે કરતાં શીખો.

પાઠ છઠ્ઠો.

અમશાસ્પંદ વિષે.

ભાગ ૧ લો.

આપણો સાચો ધર્મ કે જે અવસ્તા ભાષામાં લખાયલો છે તેમાં અમશાસ્પંદ અને યજદ એ બે શબ્દો વારેઘડીએ વપરાયલા છે. અમશાસ્પંદ શબ્દ અવસ્તાના 'અમેષ સ્પેન્ત' એ બે શબ્દનો બનેલો છે અને એ બે શબ્દનો અર્થ "અમર વરધી કરનાર" ગુણ અથવા શક્તિ થાય છે. ખોદાની મુખ્ય શક્તિઓને અમશાસ્પંદ કહે છે; અને તમામ ઉસ્તાદોનો મોટો ઉસ્તાદ જે કુદરત તેની શાગેરદી કરીને તથા સરોષની મદદ મેળવીને એ અમશાસ્પંદો વિષેનું જ્ઞાન પેહેલું અશો જરથોસ્તે મેળવીને આ દુનિઆમાં જાહેર કીધું હતું. અમશાસ્પંદ સાત છે, તેઓનાં નામ. ૧ અહુરમજદ, ૨ બેહમન, ૩ અરદીબેહસ્ત, ૪ શેહરેવર, ૫ સ્પન્દારમદ, ૬ ખોરદાદ, અને ૭ અમરદાદ. ખોદાની પેહેલી 'અહુરમજદ' નામની શક્તિ એવું બતાવે છે કે ખોદા પોતે મોટો પેદા કરનાર છે. તેનો જન્મ નથી. તેની બીજી શક્તિનું નામ બેહમન' એટલે ભલું મન છે અને ત ઉપરથી આપણે એવું જાણીએ છીએ કે ખોદા અતિશે જ્ઞાની છે. તેનાં જ્ઞાનનો કાંઈ પાર નથી કારણ કે તેણે જે સઘળી કુદરત બનાવી છે તે સંપૂર્ણ જ્ઞાન વગર

બની શકે નહીં. તેની ત્રિજી શક્તિ 'અરદીબેહેશત'નો અર્થ ઉત્તમ અશોઇ થાય છે. ખોદામાં ઉત્તમ અશોઇની શક્તિ છે કારણ કે જેનું જ્ઞાન સંપૂર્ણ તેનું દરેક કામ નેક હોવું જોઇએ અને તે પ્રમાણે ખોદાનાં સઘળાં કામ નેકજ છે. ભલાં મનની મારફતે અશોઇ અમલમાં લાવવાથી ખોદા પોતાની ખાહેશ મુજબ, અપાર બળ સાથે અને સ્વતંત્રપણે હકુમત ચલાવી શકે છે, તેટલા માટે તેમાં 'શેહરેવર' એટલે આપખુદી ચલાવવાની સત્તા છે; અને તેવી આપખુદી એકલા તેનેજ ઘટે છે. તે અનંત બળસાથે સ્વતંત્રપણે પોતાની સત્તા ચલાવે છે અને તેની આડે કોઇ આવી શકતું નથી. તેથી તે સર્વેને સરખી રીતે એકજ સીધે કાયદે ચલાવીને તમામ પેદાયશની વૃદ્ધી કરવાનું ડહાપણ ધરાવેછે માટે તેમાં 'સ્પંદારમદ' એટલે વૃદ્ધી કરનાર ડહાપણનો ખવાસ છે. બેહમન, અશોઇ, આપખુદી અને ડહાપણને લીધે તે એખલો સંપૂર્ણ સુખનો ખાવંદ છે, અને તેથી તેની પેદાયશ સુખથી રહી શકે છે. વલી એ સઘલા ઉત્કૃષ્ટ ગુણોને લીધે તે પોતે તથા તેનું નામ અમર છે, અને તેટલા માટે તે 'અમેરદાદ' નામની ખુબી ધરાવનારો છે. આપણે જે સઘલા અવસ્તા પઢીને ખોદાની સ્તુતિ કરીએ છીએ તે તેના ઉપલા સાત ગુણોને યાદ કરાને કરીએ છીએ, અને તેથી એ સાત અમશાસ્પંદોનાં નામ આપણા ધર્મપુસ્તકમાં જગે જગે વપરાયલાં મલેછે.

પાઠ સાતમો.

અમશાસ્પંદ વિષે.

ભાગ ૨ જો.

સાત અમશાસ્પંદોનાં નામવાલા જે ગુણો ખોદામાં સંપૂર્ણ છે, તેઓમાંના પેહલા 'અહુરમજદ' નામના ગુણ સિવાય બાકીના છ ગુણો તેણે ઠરાવેલાં ચોકસ પ્રમાણ સુધી મેલવવાની તેણે માણસોને તાકાત આપી છે. માણસ અકલ ધરાવવાને લીધે આ દુનિઆની બીજી તમામ જાનદાર અને નિર્જીવ પેદાયશમાં શ્રેષ્ઠ ગણાય છે. પણ અશો માણસ પોતાના મનને ખિલેલું, ભલું, તથા ઉત્તમ ગ્નાનવાલું બનાવીને તેમાં ખોદાના બેહમન અમશાસ્પંદનું, જોઇતાં પ્રમાણમાં, મદદ કરી શકે છે, તેથી જગતની સઘલી પેદાયશ કરતાં ચડતો મરતબો ધરાવે છે. કારણ કે તેવાં શુભ મનને લીધે તે અશોઇથી ચાલે છે, તેથી તે સ્વતંત્રપણે જીંદગી ભોગવવાનું મોટું બલ ધરાવે છે; અને સ્વતંત્રપણાંનાં બલને લીધે ડહાપણ વાપરીને અમલ કરવાથી તે સદાનો સુખી હોય છે અને તેનો જાન તથા તેનું નામ અમર રહે છે. અશો જરથોશ્ત વિષે આપણા ધર્મપુસ્તકમાં જે એવું લખાણ આવે છે કે તેણે બેહમનની મારફતે અશોઇથી ચાલીને સરોષને મલીને ખોદાઇ ગ્નાન મેલવ્યું હતું, તેનો ઉપલાં વર્ણનથી પુરેપુરો ખુલાસો મલી શકે છે,—તે એ કે પોતાનું મન ભલું અને ખરાં ગ્નાનથી ભરેલું કરવાની જે એકજ કેતાબ કુદરત, તેનો તેણે પૂરો અભ્યાસ કીધો, જેથી તેને બેહમન અને સરોષ મલ્યા

અને પછી તેને આપોઆપ બીજા અમશાસ્પંદોની મદદ મલી અને તે પેગામબરી દરજ્જો પામ્યો. માટે અમશાસ્પંદ એ કાંઇ નહીં પણ અણદીઠ શકિતઓનાં નામ છે. એ શકિતઓ ઓદા પોતે સંપૂર્ણ હાલતમાં ધરાવે છે અને એઓમાંની પેદા કરવાની પેહલી શકિત સિવાય બાકીની છ શકિતઓ ચોકસ હદમાં મેળવી શકવાની તેણે ઇનસાનમાં તાકાત મુકી છે.

પાઠ આઠમો.

ઇજદ.

અમશાસ્પંદો એ ઓદાની મુખ્ય શકિતઓ છે. પણ એ શકિતઓનાં પરિણામ તરીકે તેઓનાં મથાળાં હેઠળ બીજી જે ઘણીએક શકિતઓ આવી શકે છે તેઓને, તથા તે અમશાસ્પંદોની ખુબીથી ઓદાએ જે ઘણીએક હેરત ઉપજાવનારી અને ખરી સ્તુતિને લાયક સૃષ્ટિની ચીજો બનાવી છે તેઓને 'ઇજદ' કહે છે. ઇજદ એ શબ્દ અવસ્તાના 'યજત' શબ્દ ઉપરથી થયલો છે, અને તેનો અર્થ 'સ્તુતિ કરવા લાયક ગુણ અથવા પેદાયશની ચીજ' થાય છે. અમશાસ્પંદ સાત છે, પણ ઇજદોની સંખ્યા ઘણી મોટી છે. એ ઇજદોમાંના કેટલાએક મુખ્ય છે, અને આપણા મહિનાના ત્રોસ રોજનાં જે નામ અપાયલાં છે તે નામો અમશાસ્પંદો અને મુખ્ય ઇજદોનાં નામ છે. આપણા મહિનાના પેહલા સાત રોજનાં નામ તે અમશાસ્પંદોનાં નામ છે, અને બાકીના ઘણું કરીને

સઘળાં ઇજદોનાં નામ છે; જેમકે, 'આદર,' 'આવાં,' "ખોરશેદ,' ઇત્યાદી એ ઇજદોનાં નામ છે. અને જેમ 'આદર,' એટલે આતશ, 'આવાં' એટલે પાણી, 'ખોરશેદ' એટલે સૂર્ય, ઇત્યાદિ એ પેદાયશની અતિશે ખુબીવાલી ચીજોનાં નામ છે; તેમ સરોષ એટલે ખોદાઇ ફરમાનની સચાઇ વિષે દિલમાં જે ગેબી આગાહી થાય છે તે, 'રશ્ને' એટલે ઇનસાફીપણું', ઇત્યાદિ, એ શકિત અથવા ગુણનાં નામ છે. અશો જરથોશ્તને આપણા પાક અવસ્તામાં ઇજદનો મરતબો આપવામાં આવ્યો છે, અને તેનું કારણ એ કે જેમ આતશ, પાણી અને સૂર્ય, ઇત્યાદિ ખુબીભરેલી પદાર્થો માણસની દુનીઆઇ હયાતીને માટે અવશ્ય છે તેમ અશો જરથોશ્ત પણ માણસના આત્માનાં સુખ અને સલામતીને માટે અવશ્ય છે. સઘળા અમશાસ્પંદો તથા ઇજદોના ગુણ અને ખુબીઓ પીછાણવાથી ખોદાની પીછાણ થઇ શકે છે. આપણે જે ઇજદ અમશાસ્પંદોની યશ્ત તથા ન્યાએશ કરીએ છીએ તે તેઓમાં જે મહાભારત અને ગુણકારી ખુબીઓ છે તે ખુબીઓની સ્તુતિ ગાવાને અર્થે કરીએ છીએ, અને અમશાસ્પંદ તથા ઇજદ ખોદાના પોતાના છે તેથી તેઓની સ્તુતિ ગાવી એજ ખોદાની વખાણ છે; એટલુંજ નહીં પણ એઓની સ્તુતિ વગર ખોદાની સ્તુતી કરવી એ ઇનસાનથી નહીં બની શકે એવું છે.

પાઠ નવમો.

'સ્પેન્તો મઇન્યુશ' અને 'અંગ્રોમઇન્યુશ' વિષે.

ઇનસાન ખોદાની તરફ કેવી વફાદારી રાખે છે તે

તપાસવાને આ દુનીઆં એક કસોટી ઠેરવાઇ છે અને તે તપાસ વાજબી રીતે થઇ શકે તેટલા માટે, નેકી અને બદી એ બન્નેને ખોદાએ આ દુનિઆમાં મુકી છે. જે નેકી, તેનું નામ 'સ્પેન્તોમઇન્યુશ' એટલે વૃદ્ધી કરનારો તરીકો અથવા શકિત, અને જે બદી, તેનું નામ 'અંગ્રોમઇન્યુશ' એટલે ખરાબ કરનાર તરીકો અથવા શક્તિ છે. 'સ્પૅન્તોમઇન્યુશ' અથવા નેકીના તરીકામાંથી સઘળા સારા સદ્ગુણો, સારા ખવાસો, અને તમામ સુખ આપનારી ચીજો નીપજે છે. અને 'અંગ્રોમઇન્યુશ' અથવા બદીના તરીકામાંથી સઘળા દુર્ગુણો, બુરા ખવાસો અને પીડાકારક ચીજો નીપજે છે. દુનિઆમાં 'સ્પૅન્તોમઇન્યુશ'ના ફાયદા અને 'અંગ્રોમઇન્યુશ'ના ગેરફાયદા, મનશક્તિ ધરાવનારાં ઇનસાનજાતને ખાતરી ભરેલી રીતે સમજાવવાને માટે ખોદાએ દીન મોકલી છે. દીનમાં ફરમાવ્યું છે કે 'સ્પૅન્તોમઇન્યુશ'ને હમેશાં તાબે થવું, અને "અંગ્રોમઇન્યુશ"ને હંમેશાં ધિક્કારવો. એવી રીતે દીનમાં ફરમાવ્યા પછી ખોદાએ તે ફરમાન પ્રમાણે ચાલનારને માટે ઘટતા બદલા અને તે ફરમાનથી ઉલટી રીતે ચાલનારને માટે ઘટતી શિક્ષા ઠરાવી રાખીછે. વળી એ બન્ને શક્તિઓ વિષે અવસ્તામાં બીજી એવી સમજણ આપી છે કે 'સ્પૅન્તોમઇન્યુશ' પેદાયશને વધાર્યા અને નવી કર્યા જાય છે. અને 'અંગ્રોમઇન્યુશ' અસલ ચીજોને જૂની કરી, ભાંગીને તેઓને તેઓના મૂળતત્વોના રૂપમાં લાવી મૂકતો જાય છે. જે ચીજોને 'અંગ્રોમઇન્યુશ ભાંગે છે,

તેઓનાં ખંડેરમાંથી 'સ્પેન્તામઇન્યુશ' નવી ચીજો બનાવે છે. અને એ પ્રમાણે આ દુનિઆની હસ્તી અને કારોબાર શુભ રીતે ચાલુ રાખવાને ખોદાએ પોતે 'સ્પેન્તોમઇન્યુશ' અને 'અંગ્રોમઇન્યુશ' એ બનેને સાથે કામે લગાડયા છે.

પાઠ દસમો.

દેવ અને દરૂજ વિષે.

જેમ અશોઇને લગતા સઘળા ઉમદા સદ્ગુણો અને શાકતઓને 'અમશાસ્પંદ' એવાં નામથી, તથા તેઓથી ઉતરતા ગુણ અને શકિતઓને 'ઇજદ'ના નામથી ઓળખવામાં આવે છે, તેમ અપવિત્રાઇને લગતી સઘળી નાશકારક ચીજો તથા સઘળા દુર્ગુણો, બુરાખવાસો, બુરી શકિતઓ, અને કુદરતી આફતોને 'દેવ' કહે છે. અને નસાની એટલે મુરદાલ ચીજોમાંથી નીકળતી દુર્ગંધ તથા તેમાંથી નીપજતી અપવિત્રાઇ અને રોગને ઘણું કરીને 'દરૂજ' કહેછે. અવસ્તામાં 'દેવને' નર રૂપી અને 'દરૂજ' ને નારી રૂપી બુરી શકિતઓ ગણી છે.

દેવ ચાર જાતના કહેવાયછે; જેવાકેઃ—૧. માણસ રૂપી દેવ, ૨. દરદ તથા મોત લાવનારા દેવ, ૩. નિતિનો ભંગ કરનારા ખસલત રૂપી દેવ, અને ૪. કુદરતી આફત નામનો દેવ. જે માણસ પોતાની આડી ચાલ ચલણ અને બુરી કરણીથી દુનિઆમાં બિગાડ કરે છે, અને બીજાને ફુસલાવીને અથવા ઠગીને ખરાબ માર્ગે લઇ જાય

છે, અથવા ખરા માર્ગની વિરૂદ્ધ જઇને તેને હાણી પહોંચાડે છે, તેને માણુસરૂપી દેવ અથવા દરવંદ કહે છે. આગલા માજનદરાંની તથા ગીલાની લોકો માજદયસ્ની ધર્મની વિરૂદ્ધ કામો કરતા હતા, તેથી તેઓને અવસ્તામાં માજનદરાન તથા ગીલાનના દેવ એવે નામે જણાવ્યા છે. એવા દેવ અશો જરથોશતના જમાના અગાઉ આ દુનિઆમાં ઘણા હતા, પણ અશો જરથોશતે પોતાની અશોઇથી તેઓનો ઉપદ્રવ ઘણો ઓછો કીધો હતો અને તેઓને નાબુદ કીધા હતા. ગંદવાડ, એઠવાડ, નસાની ચીજો જેવી કે નખ, બાળ, લોહી, મુવેલું શરીર અને એ વિગેરે બીજી ચીજો કે જેઓના કોહોવાથી દુર્ગંધ નિકળે તેઓને તથા સરદી, તાપ, વગેરે, જે જે બીમારીથી માણુસના શરીરને રોગ થાય અને મોત નિપજે, તેને દરદ લાવનારા દેવ અથવા દરૂજ કહેછે. જૂઠાઇ, ઠગાઇ, ખોટું કલંક, ગીબત, હુલ્લડાઇ, અદેખાઇ, આળશ, ઇત્યાદી, એઓને નીતિનો ભંગ કરનારા દેવ કહે છે; કારણ કે એ બુરી ખસલતોથી નીતિને ઘણું નુકસાન થાય છે. દુકાળ, (શિયાલાની કકડતી થંડી, વરસાદની તંગી, વગેરે,) કુદરતી બનાવોથી નિપજતી વિપત્તિઓને આબાદી ઘટાડનારા દેવ કહે છે; કારણ કે તેથી માણુસ તથા બીજી પેદાયશની આબાદીમાં ઘટાડો થાય છે.

પાઠ અગ્યારમો.

દસ્તુર આદરબાદ મારેસ્પંદની શીખામણ.

ભાગ. ૧ લો

મશહુર દસ્તુર આદરબાદ મારેસ્પંદ, ઇરાનના

જરથોશ્તી પાદશાહ હોરમજદ બીજાના દીકરા શાહપુર બીજાના વખતમાં થઈ ગયોછે. એ દસ્તુર પાદશાહનો ખાસ વજીર અને લોકોનો ઘણો વિશ્વાસુ મિત્ર હતો. એણે પોતાના વખતનાં લોકોમાં જરથોશ્તી ધર્મ વિષે વાએજીઓ કરીને, તેઓમાં મજબુત ઇમાન બેશાડયું હતું; અને ધર્મ સંબંધી જ્ઞાનનો ફેલાવો કરવાને ખાતર કિમતી પુસ્તકો રચીને જરથોશ્તી ધર્મમાં ઘણું અજવાલું પાડયું હતું. એ દસ્તુરે પોતાના "જરથોશ્ત" નામના દીકરાને જે શીખામણો દીધી હતી તે દરેક બાલકે ગોખી રાખવા જોગ અને અમલ કરવા જોગ છે. માટે તે શીખામણોની પોઠી ઉપરથી જે શુભ વચનો ચુંટી કાઢીને અત્રે લંબાવીને દાખલ કીધાં છે તે સઘલાં વચનો બાળકોએ કદી ભુલવાં નહીં જોઇએ એવાં છે.

માણસે કેળવણી વગર રહેવું ઘટતું નથી; કારણ કે કેળવણી એ દરેક ચીજને ખરા આકારમાં જોવાની અને પીછાણવાની રોશન આંખ છે. કેલવણી વગર માણસ એક આંધલાના જેવું રહે છે, અને તે સુખનો માર્ગ જોઇ શકતું નથી. વલી કેલવણી વગરની બાયડી પોતાના ભરથારને, અને કેલવણી વગરનાં છોકરાં પોતાના માબાપને, ઘણા બલાપા અને દુઃખમાં નાખે છે.

મીઠાં વચન બોલનારૂં માણસ સૌને વહાલું લાગે છે; અને નમનતાઇ અને તાબેદારીવાલું માણસ નસીબવાન બને છે, અને મોટા મરતબો મેલવી શકે છે. માટે સર્વ કોઇએ સૌની સાથે નમીને મીઠાશથી ચાલવું ઘટે છે. નમવાથી કાંઇ આપણી પીઠ ભાગી જતી નથી

અને મીઠા સખુનો બોલવાથી કાંઇ આપણું મોં ગં-
ધાતું નથી.

વડીલ અને ડાહ્યાં માણસને માન આપીને ચા-
લવું, તેઓની સલાહ પુછવી, અને તેઓ કહે તે ધ્યાંન
ધરીને શાંભલવું.

જે માણસ પોતાનાં માબાપની તાબેદારી કરે છે,
તથા તેઓને પજવતું નથી અને તેઓ સાથે લડી
વઢીને છુટું પડતું નથી તે તેના માબાપ જીવે છે ત્યાં
સુધી એક સિંહના જેટલું બલ ધરાવી શકે છે; અને તે-
ને કાંઇ પણ ભયની ધાસ્તી રહેતી નથી. પણ જે માણ-
સ પોતાના માબાપને પજવે છે, અને તેઓની સેવા કર-
તું નથી તે હમેશાં એક વિધવા ડોસીની પેઠે અશકત
રહે છે; અને તેવાં માણસની સાથે જે બ્યવહાર રાખે છે
તે સૌના ઠપકાને લાયક થાય છે. તેની સાથે કોઇ દોસ્તી
કરતું નથી અને તેની ઉપર કોઇ પ્યાર રાખતું નથી. મા-
ટે માબાપની સેવા કરવામાં જો કે આપણે તો આપણો
ફરજ બજાવીએ છીએ તોપણ તેમાં આપણું પોતાનું મો-
ટું કલ્યાણ થાય છે.

પાઠ બારમો.

દસ્તુર આદરબાદ મારેસ્પંદની શીખામણ.

ભાગ ૨ જો.

દુનીઆની દોલત ઉપર મગરૂર થવું વાજબી નથી,
કેમકે તે દોલત એકને એક ઠેકાણે રહેતી નથી; પણ જેમ
એક પંખેરૂં એક ઝાડની એક ડાળી ઉપરથી સેજ વારમાં

ઉડીને બીજી ડાળી ઉપર જઇ બેસે છે, તેમ દોલત એક માણસના હાથમાંથી ઝટ દઇને બીજાના સ્વાધીનમાં જતી રહે છે, પણ જે દોલત આપણી સાથે હંમેશાં રહીને આપણને પૂરતી મદદ કરે છે તે અકલની દોલત છે. પૈસો ટકો, ગાય ઢોર,—ઘરબાર વગેરે પુંજી, કદાચ ચોરાઇ જાય છે, મરી જાય છે, અથવા આગમાં બળી જાય છે; પણ અકલની દોલત કદી નાશ પામતી નથી. અકલ સઘળાં સંકટ મટાડવાનું, ઇલાજ કરવાનું, મોટો મરતબો પામવાનું, અને સઘળી રીતે સુખી રહેવાનું એકલું એક સાધન છે. માણસ ગમે એટલો વખત આ દુનિઆમાં જીવે તોપણ સેવટે તેને બીજી હસ્તીમાં જવું છે. તે વખતે તેનાં સગાં વહાલાં તેનીથી જૂદાં પડે છે, પણ અકલ તેની સાથેની સાથે રહે છે. અને અકલની મારફતે જે સારાં કામો તેણે આ દુનિઆમાં કીધાં હોય છે તેજ તેને ત્યાં મદદ કરે છે.

માણસ સદા કાળ જીવતું નથી, તે ટુક મુદતમાં આ દુનિઆથી ગુજર કરી જાય છે. અને જયારે અંતકાળ આવી પુગે છે, ત્યારે શરીર એકલું પડીને કોહે છે. અને ખવાઇ જાય છે; અને જીવ તેને ભુલીને ચાલતો થાયછે. શરીરનો સાંચો જે એક વખત કામ કરતો અટકી પડયો તે પાછો ગતીમાં આવી શકતો નથી. તે વખતે જે આંખો મીંચાઇ તે પાછી ઉંઘડતી નથી. જે હાથ પગ ભાગ્યા તે પાછા સમરીને પોતાનું કામ કરી શકતા નથી. કુટુંબ બીજા કુટુંબ સાથે મલી જાય છે. દોલત અને હકુમત બીજાને હસ્તક થાય છે. એ રીતે શું મોટા કે

શું નાહના, શું શેઠ કે વાણોતર, શું અમીર કે શું ભીખારી, સઘલાઓને સેવટે બધું તજી દઇને એકજ ઠેકાણે જઇ પડવું છે; અને આત્માને પોતાનાં કરતુકોનો બીજી હસ્તીમાં જવાબ દેવો છે. બેશુમાર માણસો, જેઓએ પૈસે ટકે સુખ અને આરામ ભોગવેલો તે સઘળાઓ, ખોદાના સેવટના ફરમાન લાવનાર કાસદ મોતને લગારે ઢીલ કરવા વગર શરણ થઇને, ચાલ્યા ગયાછે, અને પોતાના ધન માલ, એશ કબીલાની કાંઈ પણ નીશાન હાલે રહી નથી. પણ તેઓ જે નેકી અથવા બદી કરી ગયાછે, તેઓની યાદ તેની પછવાડે રહી ગઈ છે. માટે બેહતર છે કે માણસે નેકી કરવી, ઉમેદ માત્ર ખોદા ઉપર રાખવી, અને ખોદાઇ ફરમાન બજાવવામાં જાનફેશાંની કરવી, કે બન્ને દુનિઆમાં હમેશનું સુખ અને નામદારી મળે—અને બદીથી દુર રહેવું કે દુઃખ અને બદનામીની ભારે ટોક હમેશ વેઠવી નહીં પડે.

પાઠ તેરમો.

દસ્તુર આદરબાદ મારેસ્પંદની શીખામણ.

ભાગ ૩ જો.

ચોરી કરવાથી હાથને—નિરૂદ્યોગીપણે ચાલવાથી પગને—અને બુરો કપટ રાખવાથી મનને—હમેશાં સંભાળવું જરૂરનું છે.

જે પાપ વગરનો હોય છે, તેને દાજખની ધાસ્તી નથી.

જે ઉપકાર માનનાર હોય છે, તે ખુશીને લાયક થાય છે.

જે સૌને મળતીઓ હોય છે, તે પ્રખ્યાત થાય છે.

જે સાચો હોય છે તેની ઉપર સૌ ભરોસો રાખે છે.

જે અકલવાળો હોય છે તેની સઘળાં માણસો દોસ્તી કરવા માંગે છે.

જે સખાવત કરે છે તેને ખોદા ઘણો ચાહે છે.

જે ગુસ્સો અથવા વેર રાખે છે તે તેનાજ જીવને ભારી પડે છે.

જે દુશમન માટે કૂવો ખોડે છે તે પોતેજ તેમાં પડે છે.

જે ઉજમારો હોય છે તે પોતાની મુરાદ પામે છે.

જેને મળસકામાં ઉઠવાની ટેવ હોય છે, તે પોતાનાં કામને સેહેલું કરે છે.

જે એમ ચહાતો હોય કે કોઇ તેને ગાળ ભાંડે નહિં તો તેણે પોતે પેહેલાં કોઇને ગાળ ભાંડવી નહીં.

માણસે વગર વિચારનું અને બેહુદું બોલવાની ટેવ રાખવી નહીં. કારણ કે વગર વિચારનો અને બેહુદો સખુન એવો તો નાશકારક છે, કે જાણે આતશ—જે જો ઝાડીનાં જંગલમાં પડે છે તો તેમાંનાં સઘળાં ચરંદા, પરંદા, તથા તેમજ સઘળાં નુકસાનકારક જાનવરોને બાળી મારે છે. તેમજ બેહુદો સખુન શું સારા કે શું નઠારાં માણસને એક સરખી રીત માઠું લગાડે છે.

પાઠ ચૌદમો.

બેહેશ્ત અને દોજખ વિષે

ભાગ ૧ લો.

આપણે પાછલી ચોપડીમાં વાંચી ગયાં કે આ દુનિઆ થોડા વખતની છે, અને આપણને મોડે કે વેહેલે આ દુનિઆ છોડીને બીજી હસ્તીમાં જવું છે, આપણી આ દુનિઆની હસ્તીને પાક અવસ્તામાં 'અસ્તવઇતિ અહુ' એટલે શરીરવાળી હસ્તી કહે છે. આ દુનિઆમાં જ્યાં સુધી આપણું શરીર કાયમ રહે છે, ત્યાં સુધી આપણી હાલની હસ્તી ચાલુ રહે છે. પણ શરીરનું ખંડણ થવા પછી આપણે આ દુનિઆમાં રહી શકતાં નથી. શરીરનું ખંડણ થવા પછી આપણી હસ્તીનો છેડો આવ્યો એમ નથી. પણ ત્યાર પછી આપણા આત્માને માટે અશો અહુરમજ્દે બીજી અનેક પ્રકારે ગુજારવાની હસ્તીઓ ઠરાવી રાખી છે. એ જૂદી જૂદી હસ્તીઓમાં આપણી સુખ દુ:ખની લાગની આપણી સાથે રહેછે. આપણું શરીર ભાગી પડવા પછી જે મુખ્ય બે મકાન આપણને માટે ઠરાવી રાખ્યાં છે તેમાંનાં એકને અવસ્તામાં 'વહિશ્ત અહુ' એટલે સર્વથી સરસ હસ્તીવાળું મકાન, અથવા બેહેશ્ત; અને બીજાને 'અચિશ્ત અહુ' એટલે સર્વથી ખરાબ હસ્તીવાળું મકાન, અથવા દોજખ કહે છે. માણસને આ દુનિઆમાંથી ગુજર કરવા પછી, તેની કરણી પ્રમાણે બેહેશ્ત અથવા દોજખ મળે છે. અશો

જરથોશ્ત કહે છે કે, તમને તમારી કરણી મુજેબ હમેશનુ સુખ અથવા દુઃખ મળશે. ખોદાની નજદીક તમારો હાથ પકડવા કોઇ આવી શકશે નહિં. જેમ તમને નાહનામાં નાહના સવાબને માટે ઘટતાં સુખનો અવેજ મળશે, તેમ તમે તમારા નાહનામાં નાહના ગુનાહને માટે ઘટતી શિક્ષાનો નતીજો પામશો. જો તમારી કરણી રૂડી હશે તો તમે હમેશ હમેશ સુધી બેહેશ્તના ખુશનુમાં, ખુશબોથી ખમરતાં અને પૂરતી આસાનીવાળાં મકાનમાં વાસો કરશો. પણ જો તમારી કરણી પાપી હશે તો તમે તમારાં પાપના અંદાજ માફક તે પાપનું નિવારણ થાય ત્યાં સુધી દોજખનાં અંધારાં, ડરામણાં, બદબોવાલાં, અને દરેક જાતની વેદના કરનારાં મકાનમાં શિક્ષા ભોગવશો. તમે જે હાથે કીધું હશે તેજ તમારી સાથે આવશે. ખોદાનો ઇનસાફ એવો અદલ છે કે તે કોઇના પણ આ દુનિઆના મરતબા, પૈસા, વગ અથવા ભલામણની તરફેણમાં ઢલવાનો નથી, તેની અદાલતનો ચોકસ નિયમ એજ છે કે, તમામ નેક વિચાર, નેક વાણી, અને નેક કરણી રાખનારાં અશો માણસનોજ આત્મા બેહેશ્તમાં દાખલ થઇ શકે. પણ જેઓ ભુંડું વમાસે, નઠારા સખુનો બોલે, અને નઠારાં કામો કરે તેઓને દોજખની પીડા ભોગવવા વિના છુટક છેજ નહીં.

હાલમાં વિદ્યાના બલથી ફીલસુફો એવું અનુમાન કરવાને શકિતવાન થયા છે કે, આપણે આકાશ ઉપર જે ગ્રહો, તારાઓ અને બીજી રોશનીઓ જોઇએ છીએ તે કાંઇજ નહીં પણ જુદી જુદી દુનિઆ હોવી જોઇએ;

અને તેમાં તે દુનિઆઓને ખરનાં બુદ્ધિવાળાં પ્રાંણીઓ વસતાં જોઇએ. પણ તે બડાઇ મારનારા ફીલસુફોની હજારો વર્ષ અગાઉ આપણા રાસ્ત પેગામબર અશો જરથોસ્તે પોતાની ખરી ફીલસુફીના બલથી દુનિઆમાં બેહેશ્તના જે જુદા જુદા તબકાઓ જાહેર કીધા હતા તે સઘલાઓનાં નામ તેણે આકાશ ઉપરના રોશન ગોલાઓના નામો ઉપરથીજ પાડયાં હતાં. તેણે બેહેશ્તના ચાર તબકાઓ કીધા હતા, તેઓનાં નામ આ પ્રમાણે હતાં.

(૧) 'હુમત' અથવા 'સતરપાયા' એટલે તારાઓની માફક ચલકતાં આત્માઓનું મકાન, (૨) 'હૂખ્ત' અથવા માહપાયા' એટલે ચંદ્રની માફક દીપતા આત્માઓનું મકાન, (૩) 'હવર્શ્તે' અથવા 'ખોરશેદપાયા' એટલે સૂર્યની માફક પ્રકાશતા આત્માઓનું મકાંન (૪) 'અસરરોશની' અથવા 'ગરોસ્માન' એટલે આકાશગંગાની માફક ઝળઝળતા આત્માઓનું મકાન. એઓમાંનો પેહેલો તબકો સૌથી ઉતરતો, અને છેલો સઉથી ચઢતો છે. અને એ ચારમાંના એક તબકામાં માણસનો આત્મા પોતાના સવાબના અંદાજા પ્રમાણે જઇ વસે છે.

જેમ બેહેશ્તના ચઢતા ઉતરતા તબકઓનાં નામ આકાશ ઉપરના રોશન ગોળાઓ ઉપરથી પાડવામાં આવ્યાં છે, તેમ દોજખના ચાર તબકાઓ વિષે કરવામાં આવ્યું નથી. પણ જે પ્રમાણે બેહેશ્તના તબકઓને ઓછી અથવા વધતી રોશનો સાથે તાલુકો આપવામાં આવ્યો છે, તેજ પ્રમાણે દોજખના તબકાઓને ઓછાં અથવા વધતાં અંધારા સાથે તાલુકો આપવામાં આવ્યો છે.

દોજખના ચાર તબકા આપણા ધર્મમાં આ પ્રમાણે જણાવ્યા છેઃ—

(૧) 'દુશમત,' (૨) 'દુજુખ્ત,' (૩) 'દુજવર્શ્ત,' અને (૪) 'અસરતારીકી' એટલે છેડા વગરના અંધારાનું મકાન. એઓમાંનો પેહેલો બીજાઓ સાથે સરખાવતાં ઓછો અંધારો છે, અને છેલ્લો સૌથી અંધારો છે. કહે છે કે એ છેલ્લો તબકો એટલોતો અંધારો છે કે તેમાંનું અંધારૂં હાથમાં પકડી શકાય એટલું ઘટ્ટ છે.

પાઠ પંદરમો.

બેહેશ્ત અને દોજખ.

ભાગ ૨ જો.

આપણો આત્મા આપણા શરીરથી છૂટો પડવા પછી ત્રણ દહાડા આ દુનિઆમાંજ રહે છે. અને ચોઠા દહાડાની બામદાદ વખતે જ્યારે તે ત્યાંથી અસબાબ ઉઠાવી જાય છે, ત્યારે તેના સેવટના મકાનમાં જવા આગમચ તેની શી હાલત થાય છે તે વિષે આપણા પવિત્ર ધર્મમાં એમ જણાવ્યુંછે કે જો ગુજરનાર માણસ અશો હોયછે તો તેને એવું લાગેછે કે જાણે તે ખુશબોદાર ફુલફળાદિના બાગબગીચામાં કરારથી ફરે છે, અને દક્ષિણ દીશા તરફથી એવો તો સુગંધી પવન ફુંકેછે કે જે તેણે કદીપણ આએ દુનિઆમાં ભોગવ્યો ન હોય. પછી એક ઘણી સુંદર અને સોહામણી કન્યા, જવાનીના પૂર બહાર સાથે, જાણે તે વાડીમાં તેની આગળ આવે છે. તેને પેલાં ગુજરનાર માણસનો આત્મા

